**<u>પ્રતિવાદી નં. ૧૫ તર્ફે સાહેદ નંબર ૧ તરીકે ડાયાલાલ લખમણભાઈ માકાસણાની આંક–૭૭ ની સરતપાસ લગત</u>**

**<u>ઉલટ તપાસ વાદી તર્ફે વિ.વ.શ્રી, વી.એચ.ભટ</u>**

(૨) આ કામના પ્રતિવાદી નં. ૧૫ મારા માતા થાય છે. મારા માતા ઈશ્વરનગર હળવદ મુકામે રહે છે. એ વાત ખરી છે કે, હાલના કામે હું આ કામના પ્રતિવાદી નં. ૧૫ કે જેઓ મારા માતા થાય છે તેમના કુલમુખત્યાર તરીકે હું આ કામે સાહેદી આપવા હાજર રહેલ છું.

સવાલ:– આ દાવાના કામે રજુ થયેલ તમામ કાગળો તમોએ વાંચેલ છે ?

જવાબ:– કોર્ટ દ્વારા આપવામાં આવેલ કાગળો મેં વાંચેલા છે.

મારા વકીલશ્રી દ્વારા રજુ રાખેલ દાવાના કામના કાગળો મેં વાંચેલ છે. એ વાત ખરી નથી કે, આ દાવાના કામે દાવાવાળી જમીન પ્રતિવાદી નં. ૧ થી ૧૩ ની વડીલોપાર્જીત જમીન છે. મને એ વાતની ખબર નથી કે, મુળ જમીન પ્રતિવાદી નં. ૧ થી ૧૩ ની વડીલોપાર્જીત જમીન હતી અને તે મુળ ગુજરનાર દેવાભાઈ જેશીંગભાઈ કોળીના ખાતે નોંઘ નંબર ૧૬૪ તા. ૧૭/૧૨/૫૯ થી ચાલતી હતી. એ વાતની મને ખબર નથી કે, તા. ૧૫/૧૦/૨૦૦૦ નાં રોજ દેવાભાઈ જેશીંગભાઈ કોળીનું અવસાન થતા તેની વારસાઈ નોંધ નંબર ૪૨૧૨ પાડવામાં આવેલી અને તે નોંઘ હળવદ મામલતદારે મંજુર કરેલી.

સવાલ:– તારીખ ૧૫/૧૦/૨૦૦૦ નાં રોજ દેવાભાઈ જેશીંગભાઈ કોળીનું અવસાન થતા તેની વારસાઈ નોંધ નંબર ૪૨૧૨ પાડવામાં આવેલી તેની ઉપર તમોએ કોઈ કાર્યવાહી કરેલી છે ?

જવાબ:– અમે કલેકટરશ્રી, સુરેન્દ્રનગર તથા મામલતદારશ્રી હળવદ ને અરજી કરેલી છે.

સવાલ:– તારીખ ૧૫/૧૦/૨૦૦૦ નાં રોજ દેવાભાઈ જેશીંગભાઈ કોળીનું અવસાન થતા તેની વારસાઈ નોંધ નંબર ૪૨૧૨ પાડવામાં આવેલી તેની ઉપર તમોએ કરેલ કાર્યવાહી પર કોઈ હુકમ વારસાઈ નોંઘ રદ કરવા અંગે કરેલ છે ?

જવાબ:– ત્યારબાદ અમોને કોઈ જાણ કરવામાં આવેલી નથી.

મેં આજદીન સુધી વારસાઈ નોંધ ૪૨૧૨ રદ થઈ હોય તેવો હુકમ મેળવેલ નથી.

સવાલ:– તારીખ ૧૬/૮/૨૦૧૦ નાં રોજ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ નંબર ૩૪૧૬ થી આ કામના વાદીએ દાવાવાળી તકરારી જમીન ખરીદ કરેલી તેની તમને જાણકારી છે ?

જવાબ:– હાલનો દાવો દાખલ થયા બાદ તે અંગેની જાણકારી મને થયેલ છે.

એ વાત ખરી નથી કે, દાવાવાળી જમીનની માલીકી તથા કબજો આ કામના વાદીનો છે. એ વાત ખરી છે કે, આ કામે રેવન્યુ રેકર્ડ નંબર ૭/૧૨ નો ઉતારો, ૮અ તથા ગામ નમુના નંબર ૬ આ કામના વાદીના નામે ચાલે છે.

સવાલ:– તારીખ ૧૬/૮/૨૦૧૦ નાં રોજ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ નંબર ૩૪૧૬ થી આ કામના વાદીએ દાવાવાળી તકરારી જમીન ખરીદ કરેલી તેની નોંઘ નંબર ૬૬૨૧ તા. ૨૦/૮/૨૦૧૦ નાં રોજ વાદીના નામની પડેલી તે અંગે તમે કોઈ વાંધો–તકરાર ઉપસ્થીત કરેલ ?

જવાબ:– અમે કલેકટરશ્રી, સુરેન્દ્રનગર તથા મામલતદારશ્રી હળવદને જમીન તકરારી જાહેર કરવા તથા વેંચાણ દસ્તાવેજ રદ કરવા અરજી કરેલી છે.

સવાલ:– તમે કલેકટરશ્રી, સુરેન્દ્રનગર તથા મામલતદારશ્રી હળવદને જમીન તકરારી જાહેર કરવા તથા વેંચાણ દસ્તાવેજ રદ કરવા અરજી કરેલ તેમાં કોઈ હુકમ થયેલો ?

જવાબ:– ત્યારબાદ અમોને કોઈ જાણ કરવામાં આવેલી નથી.

સવાલ:– સને ૧૯૮૧–૮૨ માં પ્રતિવાદી નં. ૯,૧૦,૧૧,૧૨, ૧૩ સગીર વયના હતા ?
જવાબ:– ખોટી વાત છે. તેઓનો જન્મ થયેલ ન હતો. તેમાંથી અમુકનો જન્મ થયેલ ન હતો.

એ વાત હું જાણતો નથી કે, પ્રતિવાદી નં. ૯,૧૦,૧૧,૧૨, ૧૩ સને ૧૯૮૧–૮૨ માં આમાંથી કોનો જન્મ થયેલ ન હતો. એ વાત ખરી છે કે, દેવાભાઈ જેશીંગભાઈ કોળીના દીકરાનું નામ ધીરુભાઈ દેવાભાઈ કોળી હતું. ધીરુભાઈ દેવાભાઈ કોળીનું અવસાન કયા વર્ષમાં થયેલ તેની મને ખબર નથી.

સવાલ:– દેવાભાઈ જેશીંગભાઈ કોળી તથા ધીરુભાઈ દેવાભાઈ કોળી તથા તમારી માતા તેમજ તમોએ નામદાર જીલ્લા અદાલત, મોરબી ખાતેથી હાલની દાવાવાળી જમીનનો વેંચાણ વ્યવહાર કરવા માટે કોઈ પરવાનગી મેળવેલી ?
જવાબ:– એ હું જાણતો નથી.

મને એ વાતની જાણકારી નથી કે, તા. ૧૦/૫/૧૯૮૧ નાં રોજ સુંદરગઢ સેવા સહકારી મંડળીના તારણમાં દાવાવાળી જમીન હતી.

સવાલ:– તમે હાલની અદાલતમાં રે.દીવાની મુકદમા નંબર ૮૩/૨૦૦૯ થી દાવો દાખલ કરેલ ?
જવાબ:– અમે આ દાવામાં પ્રતિવાદી છીએ.
સવાલ:– રે.દીવાની મુકદમા નંબર ૮૩/૨૦૦૯ નો દાવો હાલના દાવાના પ્રતિવાદી નં. ૧૪ તથા હાલના દાવાના પ્રતિવાદી નં. ૧૫ તમારી માતાએ દાખલ કરેલ ?
જવાબ:– અમે તે દાવામાં પ્રતિવાદી હતા, અમે દાવો દાખલ કરેલ નથી.

રે.દીવાની મુકદમા નંબર ૮૩/૨૦૦૯ ના આખરી ચુકાદામાં કોર્ટે શું ઠરાવ્યુ છે તેની મને ખબર નથી. એ વાતની મને ખબર નથી કે, રે.દીવાની મુકદમા નંબર ૮૩/૨૦૦૯ વાળા દાવામાં મારી માતા જુબાની આપવા આવેલા કે કેમ.

સવાલ:– રે.દીવાની મુકદમા નંબર ૮૩/૨૦૦૯ ના આખરી ચુકાદામાં કોર્ટે શું ઠરાવ્યુ છે તેની તમને જાણકારી છે અથવા તેની નકલ રજુ કરવા માંગો છો ?
જવાબ:– મને મનાઈ હુકમ સુધીની જાણકારી છે અને મનાઈ હુકમ રદ થયેલો.

એ વાત ખરી છે કે, રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ નંબર ૮૨૧ છે તે તારીખ ૧૯/૩/૧૯૮૨ નાં રોજનો છે. એ વાત ખરી છે કે, રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ નંબર ૮૨૧ તારીખ ૧૯/૩/૧૯૮૨ નાં રોજનો છે તેમાં હાલના દાવાના તમામ પ્રતિવાદીઓની સહીઓ નથી.

(૩) તારીખ ૩/૫/૧૯૮૨ નાં રોજ મારી માતાએ રતીલાલ દામજીભાઈ જોષી પાસેથી હાલના દાવાનો વેંચાણ દસ્તાવેજ કરાવેલ. એ વાતની મને ખબર નથી કે, રતીલાલ દામજીભાઈ જોષીના નામે હાલના દાવાવાળી જમીન ચાલતી ન હતી કે કોઈ રેવન્યુ રેકર્ડ પણ પ્રતિવાદી નં. ૧૪ ના ખાતે ન હતા. તારીખ ૩/૫/૧૯૮૨ નાં રોજ વેંચાણ દસ્તાવેજ નંબર ૧૨૭૬ થી આ કામના પ્રતિવાદી નં. ૧૫ મારી માતાએ પ્રતિવાદી નં. ૧૪ પાસેથી કરાવેલ. એ વાત ખરી છે કે, તારીખ ૩/૫/૧૯૮૨ થી આજદીન સુધી મારી માતાએ પ્રતિવાદી નં. ૧૪ પાસેથી વેંચાણ દસ્તાવેજ કરાવ્યા બાદ આજદીન સુધી મારી માતાના નામે રેવન્યુ રેકર્ડે દાખલ થયેલ નથી. એ વાત ખરી છે કે, આજદીન સુધી વેરાપાવતી આ કામના વાદીના નામે આવે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ૨૦૧૦ પછી વાદી ભરે છે. એ વાતની મને ખબર નથી કે, દાવાવાળી જમીનમાં વાદીના નામે વીજ કનેકશન આવેલ છે તથા પીયત જમીન તરીકે વાદી વાવેતર કરે છે.

સવાલ:– આંક–૫૭ વાળો વેંચાણ દસ્તાવેજ કેટલી રકમના સ્ટેમ્પનો હતો અને તે સ્ટેમ્પ કોના નામનો હતો ?
જવાબ:– આ વેંચાણ દસ્તાવેજનો સ્ટેમ્પ ૫૦૦ રૂપિયાનો હતો પરંતૂ તે કોના નામનો હતો તેની મને ખબર નથી.

આંક–૫૭ વાળા વેંચાણ દસ્તાવેજ નંબર ૮૨૧ માં ૩ વ્યકતીઓએ સહી કરેલી એટલે કે ત્રણ વ્યકતીઓએ અંગુઠા કરેલા છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેમાં એક વ્યકતીનો અંગુઠો છે અને બે વ્યકતીઓની સહી છે. આ દસ્તાવેજમાં સાક્ષી તરીકે કેદારીયા ગામના હીરા પોપટ હતા અને બીજા કુકા મેપા હતા જે સુદરગઢ ગામના હતા. એ વાત ખરી

છે કે, આ બંને સાક્ષી સુસવાવ ગામના ન હતા. એ વાતની મને ખબર નથી કે, આંક–૫૭ વાળા વેંચાણ દસ્તાવેજ નંબર ૮૨૧ માં જે નામો દર્શાવેલ છે તે સાક્ષીને કોણે બોલાવેલા. આંક–૫૮ વાળો મારી માતાના દસ્તાવેજમાં ૨૦૦૦/– નો સ્ટેમ્પ વાપરેલો. આંક–૫૮ વાળો દસ્તાવેજ કોણે લખેલો તેની મને ખબર નથી. આંક–૫૮ વાળા દસ્તાવેજમાં વેંચનારે સહી કરેલી હતી. આંક–૫૮ વાળો દસ્તાવેજની નોંધણી થયેલ ત્યારે હું હાજર ન હતો, વેંચાણ દસ્તાવેજમાં લખેલ સાક્ષીઓના નામોના આધારે સાક્ષી તરીકે મનજીભાઈ રત્નાભાઈ પટેલ તથા છગનભાઈ શીવલાલભાઈ પટેલ હતા, આ બંને સાક્ષીઓ ટીકર ગામના હતા, સુસવાવ ગામના કોઈ સાક્ષી ન હતા. મેં આજદીન સુધી તે જાણવાનો પ્રયત્ન કરેલ નથી કે, સુસવાવ ગામથી ટીકર ગામે સાક્ષીઓને બોલાવવા કોણ ગયેલુ. આંક–૫૮ વાળો વેંચાણ દસ્તાવેજ કરાવતા પહેલા મારી માતાએ તે અંગે દૈનીક વર્તમાનપત્રમાં કોઈ જાહેર નોટીસ આપેલ કે કેમ તેની મને ખબર નથી. દાવાવાળી જમીનની ચતુર્દીશા વેંચાણ દસ્તાવેજના આધારે મને ખબર છે. દાવાવાળી જમીનની ઉત્તરે વોંકળો, દક્ષિણે લક્ષ્મણ રાસીંગ, પૂર્વમાં રણછોડ જીવા, પશ્ચિમમાં કાનજી કુંવર ની જમીન આવેલી છે.

(૪) એ વાત ખરી છે કે, આ દાવામાં વાદીની આંક–૫ ની મનાઈ હુકમની અરજી કોર્ટે તા. ૧/૧/૨૦૧૩ નાં રોજ મંજુર કરેલી. આ હુકમની સામે અમોએ ડીસ્ટ્રીકટ કોર્ટમાં અપીલ કરેલી પરંતૂ આ અપીલમાં ડીસ્ટ્રીકટ કોર્ટે શું હુકમ કરેલો તેની આજદીન સુધી અમારા વકીલ સાહેબે અમોને કોઈ જાણ કરેલી નથી. એ વાતની મને ખબર નથી કે, ડીસ્ટ્રીકટ કોર્ટે આ અપીલ કાઢી નાખેલ છે.

સવાલ:– સને ૧૯૮૨ થી આજદીન સુધી દાવાવાળી જમીનમાં તમારો કબજો બતાવવા માટે કોઈ લેખીત આધાર છે ?

જવાબ:– દાવામાં રજુ થયેલ ગામ નમુના નંબર ૬ માં અમારો કબજો દર્શાવેલ છે.

આ તબ્બકે મુદત અરજી આવતા વધુ ઉલટતપાસ માટે મુલતવી.

૧૩:૫૭

તા.૦૩/૦૭/૨૦૨૫
હળવદ.

મારી રૂબરૂ

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧

સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભળાવતા
તે ખરી અને કબુલ રાખેલ છે.

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
કોડ નં.જીજે. ૦૦૭૧૧